નવસારીમાં આરોગ્ય વિભાગના દાવા સામે મેદાની હકીકત પર ઊઠ્યા સવાલો

# પૂરના કહેર બાદ હવે રોગચાળાનો ખતરો!

**ઘરે**-ઘર સર્વેલન્સ અને એન્ટી-લાર્વલ કામગીરીના દાવા વચ્ચે કેટલાક વિસ્તારોમાં હજુ પણ ગંદકી અને પાણી ભરાવાની સ્થિતિ

નવસારી : વિનાશક પૂર બાદ નવસારી જિલ્લામાં હવે સૌથી મોટો પડકાર રોગચાળો અટકાવવાનો છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા વેક્ટરજન્ય રોગો સામે ઘર-ઘર સર્વેલન્સ, એન્ટી-લાર્વલ સ્પ્રે, સોર્સ રિડક્શન અને જનજાગૃતિ અભિયાનની વ્યાપક કામગીરીના દાવા કરવામાં આવી રહ્યા છે. જોકે, કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓ હજુ પણ ગંદકી, કાદવ અને પાણી ભરાવાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ કેટલાક વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા સ્થળો અને મચ્છરોના ઉપદ્રવની ફરિયાદો સાંભળવા મળી રહી છે. આવી સ્થિતિમાં સવાલ ઊભો થાય છે કે શું તમામ સંવેદનશીલ વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમો સમયસર પહોંચી હતી? શું ઘર-ઘર સર્વેલન્સ અને એન્ટી-લાર્વલ કામગીરી દરેક વિસ્તારમાં સમાન રીતે અમલમાં આવી હતી? અને શું સંભવિત રોગચાળાને અટકાવવા માટે પૂરતી દેખરેખ રાખવામાં આવી રહી છે?

જાહેર આરોગ્ય નિષ્ણાતો પણ માને છે કે પૂર બાદના પ્રથમ બે અઠવાડિયા સૌથી વધુ સંવેદનશીલ હોય છે. આવા સમયે પાણી ભરાયેલા સ્થળો, મચ્છરોનું નિયંત્રણ અને તાવના દર્દીઓ પર સતત નજર રાખવી અત્યંત જરૂરી બને છે. જો કોઈ વિસ્તારમાં કામગીરીમાં વિલંબ અથવા ખામી રહે, તો વેક્ટરજન્ય રોગોનું જોખમ વધી શકે છે.



**સૌથી મોટો સવાલ...** પૂર સામેની લડાઈમાં સફળતા પછી શું નવસારી રોગચાળા સામેની લડાઈ માટે પણ એટલું જ સજ્જ છે, કે પછી કોઈ ગંભીર સ્થિતિ સર્જાયા બાદ જ સમગ્ર તંત્ર દોડતું જોવા મળશે?

### લોકો માત્ર પ્રેસનોટમાં કરાયેલા દાવાઓથી સંતોષ માનવા તૈયાર નથી

આ પરિસ્થિતિમાં હવે લોકો માત્ર પ્રેસનોટમાં કરાયેલા દાવાઓથી સંતોષ માનવા તૈયાર નથી. લોકો ઈચ્છે છે કે વિસ્તારવાર કામગીરીની વિગતો, સર્વેલન્સના આંકડા અને નિવારક પગલાંના પરિણામો જાહેર કરવામાં આવે, જેથી દાવા અને મેદાની સ્થિતિ વચ્ચેની સ્પષ્ટતા થઈ શકે. આરોગ્ય વિભાગનો પક્ષ જાણવાનો પ્રયાસ કરવામાં આવશે. તેમનો પ્રતિભાવ પ્રાપ્ત થશે તો તેને પણ યોગ્ય સ્થાન આપવામાં આવશે.

# નવસારી જિલ્લામાં પૂરે હજારો ખેડૂતોના સપનાઓ ધોઈ નાંખ્યા

**જિલ્લામાં** 20 હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ખેતીપાકને નુકસાન



નવસારીઃ પૂરના પાણી ઓસરી ગયા છે, પરંતુ નવસારી જિલ્લાના હજારો ખેડૂતોના ચહેરા પર છવાયેલી નિરાશા હજુ ઓસરી નથી. થોડા દિવસ પહેલાં જ્યાં લીલાછમ ખેતરોમાં સોનેરી ભવિષ્યની આશા લહેરાતી હતી, ત્યાં આજે કાદવ, રેતી અને વિનાશના નિશાન જોવા મળે છે. પ્રાથમિક અંદાજ મુજબ જિલ્લામાં 20 હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ખેતીપાકને નુકસાન થયું છે, જ્યારે 1,500 હેક્ટરથી વધુ વિસ્તારમાં આવેલા ઝિંગા ફાર્મ પૂરના પાણીમાં ધોવાઈ ગયા છે.

ડાંગર, શેરડી, શાકભાજી, કેળા, ચીકુ, પપૈયા અને અન્ય બાગાયતી પાકની ખેતી કરનાર ખેડૂતો માટે આ પૂર માત્ર કુદરતી આફત નથી, પરંતુ વર્ષભરની મહેનત, મૂડી અને આવક પર પડેલો ગંભીર પ્રહાર છે. અનેક ખેતરોમાં પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે, તો અનેક સ્થળોએ રેતી અને કાદવના જાડા થર જામી જતાં જમીન ફરી ખેતીલાયક બનાવવા માટે લાંબો સમય અને વધારાનો ખર્ચ કરવો પડશે.

ગણદેવી તાલુકામાં ઝિંગા ઉદ્યોગને 150 કરોડથી વધુનું નુકસાન થયું હોવાનું માનવામાં આવે છે.

આ આપત્તિએ એક મહત્વનો પ્રશ્ન પણ ઊભો કર્યો છે–ખેડૂતો હવે ફરીથી કેવી રીતે ઊભા થશે? પાક તો ગયો જ, પરંતુ બિયારણ, ખાતર, મજૂરી, સિંચાઈ અને અન્ય ખર્ચ માટે લીધેલી મૂડી પરત કેવી રીતે આવશે? ઝિંગા ઉત્પાદકો ફરી ઉત્પાદન શરૂ કરવા માટે જરૂરી રોકાણ ક્યાંથી લાવશે? અનેક પરિવારો માટે આ માત્ર ખેતીનું નહીં, પરંતુ જીવનનિર્વાહનું સંકટ બની ગયું છે.

# વાપીની સોસાયટીઓના વિકાસ માટે 70:20:10 હેઠળ સહાય

**કોમન** પ્લોટમાં જીમ, ગ્રીનરી, CCTV સહિત વિવિધ સુવિધાઓ માટે મળશે સહાય

વાપી : વાપી મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી રહેણાંક સોસાયટીઓના સર્વાંગી વિકાસ માટે 70:20:10 જનભાગીદારી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ વિકાસકાર્યોના કુલ અંદાજિત ખર્ચમાંથી 70 ટકા સહાય રાજ્ય સરકાર, 20 ટકા ફાળો સંબંધિત સોસાયટી તથા 10 ટકા ફાળો વાપી મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવે છે. આ યોજનાનો લાભ પ્રોપર્ટી ટેક્સ ભરતી તમામ ખાનગી સોસાયટીઓ, હાઉસિંગ બોર્ડની વસાહતો, અન્ય રહેણાંક વિસ્તારો તેમજ ફ્લેટ પ્રકારના બહુમાળી રહેણાંક સંકુલોને મળી શકે છે. જેમાં નવા રસ્તા, ડામર/સીસી/વ્હાઇટ ટોપિંગ દ્વારા રસ્તાઓનું રિસરફેસિંગ, ડ્રેનેજ, પાણી પુરવઠો, સ્ટ્રીટ લાઇટ, રૂફટોપ રેઇનવોટર હાર્વેસ્ટિંગ, ભૂગર્ભ જળ રિચાર્જ તથા વરસાદી પાણીના સંગ્રહના કામો, આંતરિક ગટર લાઇનને મુખ્ય ગટર લાઇન સાથે જોડવાની કામગીરી, ગ્રીન બફર, વૃક્ષારોપણ, ટ્રી કવર તથા ગ્રીન રૂફ જેવી પર્યાવરણલક્ષી સુવિધાઓ, ઓપન જીમ, પ્લેગ્રાઉન્ડ તથા CCTV સર્વેલન્સ કેમેરાની સ્થાપના અને પરમિએબલ પેવિંગ, ગ્રીનિંગ અને પર્યાવરણને અનુકૂળ અન્ય વિકાસકાર્યો. વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરની તમામ પાત્ર રહેણાંક સોસાયટીઓને આ યોજનાનો મહત્તમ લાભ લેવા તથા પોતાના વિસ્તારના સર્વાંગી વિકાસમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવે છે.

## વઘઈનો ભીગુ ધોધ રમણીય સ્વરૂપમાં ખીલી ઊઠ્યો



ગીરીશ ભોયે

સાપુતારા : ચોમાસાની જમાવટ વચ્ચે ડાંગ જિલ્લો હરિયાળીની ચાદર ઓઢીને કુદરતનું જીવંત સ્વર્ગ બન્યો છે. સતત વરસી રહેલા વરસાદના કારણે વઘઈ તાલુકાના કોષમાળ ગામનો ભીગુ ધોધ તેના રૌદ્ર અને રમણીય સ્વરૂપમાં વહેતો જોવા મળી રહ્યો છે. ડુંગરોની મધ્યમાંથી ગર્જતા જળપ્રવાહ, ચારે બાજુ લીલાછમ જંગલો અને ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે આ ધોધ પ્રવાસીઓ માટે અવિસ્મરણીય અનુભવ સર્જી રહ્યો છે. ગુજરાતના અતિસુંદર કુદરતી સ્થળોમાં સ્થાન ધરાવતો આ ધોધ ચોમાસામાં પોતાની સંપૂર્ણ ભવ્યતા સાથે જીવંત બન્યો છે. પથ્થરો પર અથડાતી જળધારા અને કુદરતનું મધુર સંગીત મુલાકાતીઓના મનને મોહી લે છે. સીઝનની શરૂઆત સાથે જ અહીં સ્થાનિકો ઉપરાંત રાજ્યભરમાંથી પ્રવાસીઓ, કુદરતપ્રેમીઓ અને ફોટોગ્રાફરોની અવરજવર વધી છે. સોશિયલ મીડિયા પર તેના ફોટા અને વીડિયો વાયરલ થતાં આ સ્થળ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ડાંગની શીતળ આબોહવા અને અદ્વિતીય સૌંદર્ય ગુજરાત માટે ગૌરવ સમાન છે. જોકે, સતત વરસાદને કારણે લપસણા બનેલા પથ્થરોને લીધે અકસ્માતની શક્યતા રહે છે.

# 'વીજ બિલ નહીં વધે તેની ગેરંટી આપો!'

**નવસારીમાં** ડીજીવીસીએલ સામે ગારડા ચાલના રહીશોનો બળાપો, ટીમને પરત ફરવું પડ્યું

નવસારીઃ નવસારી શહેરના વોર્ડ નં. 2માં આવેલા ગારડા ચાલ વિસ્તારમાં સ્માર્ટ વીજ મીટર સ્થાપનનો રહીશોના જોરદાર વિરોધ વચ્ચે અટકી ગયો હતો. ડીજીવીસીએલની ટીમ મીટર લગાવવા માટે પહોંચતા જ લોકો એકત્ર થઈ ગયા હતા અને જણાવ્યું હતું કે, વીજ બિલ નહીં વધે તેની લેખિત ગેરંટી આપો, ત્યાર પછી જ સ્માર્ટ મીટર લગાવવા દઈશું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, રાજ્યમાં સ્માર્ટ મીટર લાગ્યા બાદ વીજ બિલમાં વધારો થયો હોવાની ચર્ચાઓ અને ફરિયાદોને કારણે લોકોમાં ભય છે. સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો પર વધારાનો આર્થિક બોજ ન આવે તે માટે તેઓ કોઈપણ ખાતરી વગર સ્માર્ટ મીટર સ્વીકારવા તૈયાર નથી. રહીશોએ અધિકારીઓને જણાવ્યું હતું કે મૌખિક આશ્વાસનથી હવે વિશ્વાસ રહેતો નથી. જો ડીજીવીસીએલ લેખિતમાં ખાતરી આપે કે સ્માર્ટ મીટર લાગ્યા બાદ વીજ બિલમાં કોઈ અનિચ્છનીય વધારો નહીં થાય, તો જ તેઓ મીટર સ્થાપન માટે સંમતિ આપશે. જોકે, સ્થળ પર હાજર અધિકારીઓ આવી કોઈ લેખિત બાંહેધરી આપી શક્યા ન હોવાથી વિરોધ વચ્ચે ડીજીવીસીએલની ટીમને કામગીરી કર્યા વિના જ પરત ફરવું પડ્યું હતુ.

નવસારીમાં તાજેતરમાં આવેલા પૂરમાં અસરગ્રસ્તોને

# પાટીલના સૂચનથી ભુરાભાઈ શાહની આગેવાનીમાં ભાજપની રાશનકિટ સહાય

**ભાજપ** દ્વારા વધુ 14 હજાર કિટ સાથે સેવા અભિયાન યથાવત રહેવાની જાહેરાત



નવસારી : નવસારી જિલ્લામાં આવેલા વિનાશક પૂરે હજારો પરિવારોનું જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું હતું. આવી વિકટ પરિસ્થિતિમાં સાંસદ સી.આર. પાટીલના સૂચનથી ભાજપાએ સેવા અભિયાન શરૂ કર્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કેબિનેટ મંત્રી નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહના નેતૃત્વ અને સુદઢ સંકલનથી ભાજપના કાર્યકરો પૂરગ્રસ્ત પરિવારોને મદદરૂપ બની રહ્યા છે.

પૂરની શરૂઆતથી જ ચીખલી, અમલસાડ અને નવસારી ખાતે સામૂહિક રસોડાં શરૂ કરીને હજારો લોકોને સમયસર ભોજન પહોંચાડવામાં આવ્યું હતું. ત્યારબાદ 8 હજારથી વધુ રાશન કિટો અસરગ્રસ્ત પરિવારો સુધી પહોંચાડવામાં આવી છે, જ્યારે આગામી દિવસોમાં વધુ 14 હજાર રાશન કિટો તૈયાર કરીપહોંચાડવામાં આવશે. જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહ સતત મેદાનમાં રહી યુવા મોરચા અને કાર્યકરો વચ્ચે સંકલન ઊભું કરી સહાય પહોંચે તેની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ સેવા અભિયાનમાં ધારાસભ્યો રાકેશ દેસાઈ અને આર.સી. પટેલ, મેયર અશોક ધોરાજીયા, મહિલા મોરચા, યુવા મોરચા, હોદ્દેદારો અને કાર્યકરો સેવા આપી રહ્યા છે. મહિલા મોરચાના કાર્યકરોએ હજારો રાશન કિટ તૈયાર કરી છે. જિલ્લા પ્રમુખ ભૂરાભાઈ શાહે જણાવ્યું હતું કે, "આફતના સમયમાં દરેક જરૂરિયાતમંદ પરિવાર સુધી પહોંચવું એ ભાજપની પ્રથમ જવાબદારી છે. સેવા અમારી વિચારધારા અને સંસ્કાર છે." તેમણે ઉમેર્યું કે પૂરગ્રસ્ત પરિવારો જનજીવન તરફ પરત નહીં ફરે ત્યાં સુધી ભાજપનું રાહત અભિયાન ચાલુ રહેશે. ભાજપના આ સેવા અભિયાનમાં ભૂરાભાઈ શાહના નેતૃત્વને કારણે હજારો પૂરગ્રસ્ત પરિવારોને સમયસર રાહત મળી રહી છે, જે ઉદાહરણ બની રહ્યું છે.

# વાંસદાના પીપલખેડમાં જંગલી ભૂંડનો પાંચ લોકો પર હુમલો

**ડુંગરી** ફળિયામાં અચાનક દોડી આવેલા ભૂંડે મજૂરો અને ગ્રામજનોને નિશાન બનાવ્યા

વાંસદા : વાંસદા તાલુકાના પીપલખેડ ગામના ડુંગરી ફળિયામાં જંગલી ભૂંડે પાંચ વ્યક્તિઓ પર હુમલો કરતા ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ઘટનાની વિગતો મુજબ, પીપલખેડ ગામના ડુંગરી ફળિયામાં રહેતા ગમનભાઈ નવલુભાઈ ભોયા પોતાના ઘર પાસે કામ કરી રહ્યા હતા ત્યારે બાજુના ખેતરમાંથી દોડી આવેલા જંગલી ભૂંડે તેમના પર અચાનક હુમલો કર્યો હતો. ભૂંડે તેમને નીચે પાડી દઈ બચકા ભરતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગમનભાઈને બચાવવા દોડી આવેલા તેમના ભાઈ રમેશ નવલુભાઈ ભોયા પર પણ ઉશ્કેરાયેલા ભૂંડે હુમલો કરી હાથ અને પગમાં ગંભીર બચકા ભરતાં તેઓ પણ ઘાયલ થયા હતા. ત્યારબાદ ભૂંડ ઘરની પાછળ રહેતા બાબુભાઈ રડકાભાઈ તરફ દોડ્યું હતું, પરંતુ બાબુભાઈએ સમયસૂચકતા દાખવી ઝાડની ડાળીએ લટકી જઈ પોતાનો આબાદ બચાવ કર્યો હતો. આ પછી જંગલી ભૂંડ ગામના નાકા ફળિયામાં પહોંચી મજૂરી કરવા આવેલી બે મહિલાઓ અને રંગપુર ગામની ઉર્મિલાબેન પર હુમલો કર્યો હતો, જેમાં ઉર્મિલાબેનને હાથ અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઉપરાંત, ભૂંડે ગામના લાછીયાભાઈ પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ સમયસર દોડી જતા માંડ બચ્યા હતા. ઘાયલ થયેલા ગમનભાઈ ભોયા, રમેશ ભોયા અને ઉર્મિલાબેનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.


## વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી ટેન્ડર જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા.૩૧-૦૭-૨૦૨૬થી જોવા મળશે. અને ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૪-૦૮-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી., કુરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૧૯-૦૮-૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૦-૦૮-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

| અ. નં | યોજનાનુ નામ | કામનું નામ | ટેન્ડરની અંદાજિત રકમ | કોન્ટ્રાકટર ની શ્રેણી | ટેન્ડર ફી અને બાનાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | નામદાર સરકારશ્રીની ૧૫મુ નાણાંપંચ ૨૦૨૫-૨૬ (અનટાઈડ) (પ્રથમ હપ્તો) | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ પેવરબ્લોક નાખવાની કામગીરી. | રૂા. ૩૩,૯૨,૭૮૮/- + ૧૮% GST | "E-1" અને ઉપરના | રૂા. ૧,૭૭૦/- અને રૂા.૪૦,૦૩૫/- |
| ૨ | | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નંબર : ૦૨ માં સરકારી સંઘથી ડો. નિરવ હોસ્પિટલ અને ભરમદેવ મંદિરથી ભુતપૂર્વ ગટર સુધી વરસાદી પાણીની ગટર નાખવાની કામગીરી | રૂા. ૯,૩૮,૩૧૪/- + ૧૮% GST | "E-2" અને ઉપરના | રૂા. ૧,૦૬૨/- અને રૂા. ૧૧,૦૭૩/- |
| ૩ | | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નંબર : ૦૩ માં ને.હા.૪૮ ગીરીરાજ હોટેલથી અબ્રામા ઝોન ઓફિસ થઈ કોશીય ફળિયાથી વાલીયા ફળિયા ટાંકીથી હિન્દી સ્કુલથી ખેરગામ રોડને જોડતો રોડ મોગરાવાડી વિસ્તારના રોડને લાગુ યુ.ટી.લી.ટી. શિફ્ટીંગ કરવાની કામગીરી. | રૂા.૩૨,૦૬,૯૭૦/- + ૧૮% GST | "E-1" અને ઉપરના | રૂા. ૧૭૭૦/- અને રૂા.૩૭,૮૪૩/- |
| ૪ | | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ વરસાદી પાણીની પાઈપ ગટર નાખવાની કામગીરી | રૂા. ૧૭,૨૦,૪૦૪/- + ૧૮% GST | "E-1' અને ઉપરના | રૂા. ૧,૭૭૦/- અને રૂા.૨૦,૩૦૧/- |

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા

પ્રમુખ
વલસાડ નગરપાલિકા

ન. માહિતી/વલસાડ/૨૮૦/૨૦૨૬

## વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી ટેન્ડર જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા.૩૧-૦૭- ૨૦૨૬થી જોવા મળશે. અને ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૪-૦૮-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી.,કૂરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૧૯-૦૮-૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૦-૦૮-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

| અ .નં | યોજનાનું નામ | કામનું નામ | ટેન્ડરની અંદાજિત રકમ | કોન્ટ્રાક્ટર ની શ્રેણી | ટેન્ડર ફી અને બાનાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | નામદાર સરકારશ્રીની વ્યવસાયવેરા યોજના ૨૦૨૫-૨૬ | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ પેવરબ્લોક નાખવાની કામગીરી. | રૂા.૪૯,૬૬,૪૬૩/- + ૧૮% GST | " E-1 " અને ઉપરના | રૂા. ૧,૭૭૦/- અને રૂા.૫૮,૬૦૪/- |
| ૨ | | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં ૦૧ માં રામજી મંદિરથી નાનીમાતા મંદિરથી રાખોડિયા તળાવ રોડ ઉપર વરસાદી પાણીની ગટર બનાવવાની કામગીરી. | રૂા.૧૦,૮૨,૫૧૧/- + ૧૮% GST | " E-2 " અને ઉપરના | રૂા.૧,૦૬૨/- અને રૂા.૧૨,૭૭૪/- |
| ૩ | | વલસાડ નગરપાલિકા હદ વોર્ડ નં ૧૦ માં છોટુભાઈ પાર્ક ગેટ મણિબાગ બંગલો નં.૯૭ થી ગાર્ડન થી ૧૪૪ ની ગળી પાસે ડામર રોડ બનાવવાની કામગીરી | રૂા.૧૪,૫૭,૬૭૨/- + ૧૮% GST | " E-2 " અને ઉપરના | રૂા.૧,૦૬૨/- અને રૂા.૧૭,૨૦૦/- |
| ૪ | | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં ૦૫ માં ખાતે વાવડી એરિયામાં ટ્રીમીક્ષ રોડ બનાવવાની કામગીરી. | રૂા.૯,૩૭,૦૩૭/- + ૧૮% GST | " E-2 " અને ઉપરના | રૂા. ૧,૦૬૨/- અને રૂા.૧૧,૦૫૭/- |
| ૫ | | હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં ૧ થી ૧૧ ના ખાતેના વિવિધ વિસ્તારોમાં LED સ્ટ્રીટ લાઇટ પોલ સહિતની સુવિધા આપવાની કામગીરી. | રૂા.૧૭,૪૫,૩૫૫/- + ૧૮% GST | " E-1 " અને ઉપરના | રૂા. ૧,૦૬૨/- અને રૂા.૨૦,૫૯૫/- |

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા

પ્રમુખ
વલસાડ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૨૭૮/૨૦૨૬

## અખંડ આનંદ કો- ઓ. બેંક લિ.

વહીવટી કચેરી : બીજો અને ત્રીજો માળ, મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી રોડ, કતારગામ, સુરત-૪ ફોન : ૨૪૮૨૨૩૦, ૨૪૮૨૨૩૨ મો : ૯૮૯૮૫ ૭૮૦૭૨

**ડિમાન્ડ નોટીસ**

સંદર્ભ : નાણાંકીય સંપત્તિ અને અમલીકરણની સુરક્ષા અને પૂનનિર્માણની કલમ ૧૩(૨) હેઠળ સૂચના સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨.

પ્રિય સર/મેડમ,

અધિકૃત અધિકારીએ સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) ના પાલનમાં નીચે જણાવેલ દેવાદાર/જામીનદારને નોટીસ જારી કરી છે જેમાં માંગણા નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર બાકી રકમની માંગણી કરવામાં આવી છે. ઉપરોક્ત નોટીસ થયા વિના પરત કરવામાં આવી હતી. તેથી, નીચેના દેવાદાર/જામીનદારને નોટીસનું પ્રકાશન કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદાર/સહદેવાદાર/ જામીનદાર | એનપીએની તારીખ ડિમાન્ડ નોટીસની તારીખ | શાખાનું ખાતા નં. બાકી લેણાં રકમ |
|---|---|---|---|
| ૧ | ૧) આકાશ એન્ટરપ્રાઈઝ (એક ભાગીદારી પેઢી) અશોક ફોજાજી માળી (ભાગીદાર) ઉમાદેવી અશોકકુમાર માળી (ભાગીદાર) સરનામું : બી/૧૧૫, શ્રી નીલકંઠેશ્વર કો.ઓપ.હા. સો.લિ., કતારગામ ફુલપાડા રોડ, સુરત. જામીનદાર : (૨) મદનલાલ ચુનીલાલ માળી સરનામું : પ્લોટ નં.૧૦૯, રણછોડ નગર સોસાયટી, પરવત પાટીયા, ડુંભાલ રોડ, સુરત (૩) ઈન્દિરા મદનલાલ માળી સરનામું : પ્લોટ નં.૧૦૯, રણછોડ નગર સોસાયટી, પરવત પાટીયા, ડુંભાલ રોડ, સુરત | ૩૦/૦૪/૨૦૨૬ ૧૬/૦૭/૨૦૨૬ | રીંગ રોડ ૧૦૦૨૪૦૯૦૦૦૦૭૦ રૂા. ૧,૪૦,૨૭,૮૫૨/- (૧,૩૮,૯૨,૬૨૫/- મુદલ) (૧,૩૫,૨૨૭/- વ્યાજ) તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વ્યાજ અને તેના પર પેનલ ચાર્જીસ આજ સુધી સંપુર્ણ ચુકવણ અને આકર્ષમીક, ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ અને વગેરે |
| ૨ | ૧) અંબે સેલ્સ એજન્સી માલિક. અશોકકુમાર ફોજાજી માળી સરનામું : બી/૧૧૫, શ્રી નીલકંઠેશ્વર કો.ઓપ.હા. સો.લિ., કતારગામ ફુલપાડા રોડ, સુરત. જામીનદાર : (૨) મદનલાલ ચુનીલાલ માળી સરનામું : પ્લોટ નં.૧૦૯, રણછોડ નગર સોસાયટી, પરવત પાટીયા, ડુંભાલ રોડ, સુરત (૩) ઈન્દિરા મદનલાલ માળી સરનામું : પ્લોટ નં.૧૦૯, રણછોડ નગર સોસાયટી, પરવત પાટીયા, ડુંભાલ રોડ, સુરત (૪) ઉમાદેવી અશોકકુમાર માળી સરનામું : બી/૧૧૫, શ્રી નીલકંઠેશ્વર કો.ઓપ.હા. સો.લિ., કતારગામ ફુલપાડા રોડ, સુરત. | ૩૦/૦૪/૨૦૨૬ ૧૬/૦૭/૨૦૨૬ | રીંગ રોડ ૧૦૦૨૪૦૯૦૦૦૦૨૯ રૂા. ૧,૦૪,૫૨,૯૬૯/- (૧,૦૨,૬૩,૪૨૩/- મુદલ) (૧,૮૯,૫૪૬/- વ્યાજ) તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વ્યાજ અને તેના પર પેનલ ચાર્જીસ આજ સુધી સંપુર્ણ ચુકવણ અને આકર્ષમીક, ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ અને વગેરે રીંગ રોડ ૧૦૦૨૪૦૯૦૦૦૦૬૯ રૂા.૫૪,૦૪,૪૮૭/- (૫૨,૯૯,૮૯૭/- મુદલ) (૧,૦૪,૫૮૫/- વ્યાજ)(૫/- પેનલ ચાર્જીસ) તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વ્યાજ અને તેના પર પેનલ ચાર્જીસ આજ સુધી સંપુર્ણ ચુકવણ અને આકર્ષમીક, ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ અને વગેરે |

**સ્થાવર સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ ૧.** તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે 'રાજ વર્લ્ડ' નામની કોમર્શિયલ બિલ્ડીંગ ના ભોયતળીયાની દુકાન નં.જી-૭૦, જેનું બિલ્ટઅપ એરિયા ૩૬૪.૦૦ ચો.ફુટ એટલે ૩૩.૮૩ ચો.મી, કારપેટ એરિયા લગભગ ૧૯૩.૫૭ ચો.ફુટ એટલે ૧૭.૯૯ ચો.મી અને બિલ્ટઅપ એરિયા ૨૧.૧૮ ચો.મી આ બિલ્ડીંગ ની ભોયતળીયાની કોમન જગ્યા ના વણવહેચાયેલ હિસ્સા સહિત બિનખેનીલાયક જમીન, નેશનલ પ્લોટ નં.૨, આશરે ૫૫૩૯ ચો.મી, રે.સ નં. ૬૪/૨-૧, બ્લોક નં.૧૦૨, ૧૦૯૨૭ ચો.મી બિનખેતી જમીન નો ટી.પી સ્કીમ નં.૮ (પાલનપોર), ફાઈનલ પ્લોટ નં.૬૮, ૭૬૪૯ ચો.મી, મોજે-પાલનપોર, તા.ચોર્યાસી, હાલનો તા.અડાજણ, જી. સુરત ખાતે આવેલ છે.

**સ્થાવર સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ ૨.** તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે 'બિઝ હબ' માં સ્થિત દુકાનો અને ઓફિસો માટે જે વાણિજિયક હેતુઓ માટે બિનખેતી ખુલ્લી જમીન પર વૃંદ ડેવલપર્સ દ્વારા આયોજીત થયેલ ભોયતળીયાની દુકાન નં.૧૫, જેનું સુપર બિલ્ટઅપ એરિયા ૭૨૯.૮૨ ચો.ફુટ એટલે ૬૭.૮૩ ચો.મી, જેનો બિલ્ટઅપ એરિયા ૪૩૭.૮૯ ચો.ફુટ એટલે ૪૦.૬૯ ચો.મી અને જેનુ કારપેટ એરિયા લગભગ ૩૬૪.૯૧ ચો.ફુટ એટલે ૩૩.૯૧ ચો.મી,ના વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન નો બિનખેનીલાયક જમીન, રે.સ નં. ૬૫/૩, બ્લોક નં.૭૯/૨, જેનો એરિયા ૦-૨૭-૩૦.૧૦ ચો.મી એટલે ૨૭૩૦.૧૦ ચો.મી, જેનો ટી.પી સ્કીમ નં.૭૦ (છાપરાભાઠા- ઉત્રાણ), ફાઈનલ પ્લોટ નં.૩૫, જેમાંથી સબ -પ્લોટ નં.૨, જેનો ફાઈનલ પ્લોટ એરિયા ૨૬૮૬.૪૩ ચો.મી, મોજે-છાપરાભાઠા, તા.ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે.

**સ્થાવર સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ ૩.** તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે 'બિઝ હબ' માં સ્થિત દુકાનો અને ઓફિસો માટે જે વાણિજિયક હેતુઓ માટે બિનખેતી ખુલ્લી જમીન પર વૃંદ ડેવલપર્સ દ્વારા આયોજીત થયેલ ભોયતળીયાની દુકાન નં.૧૬, જેનું સુપર બિલ્ટઅપ એરિયા ૭૨૯.૮૨ ચો.ફુટ એટલે ૬૭.૮૩ ચો.મી, જેનો બિલ્ટઅપ એરિયા ૪૩૭.૮૯ ચો.ફુટ એટલે ૪૦.૬૯ ચો.મી અને જેનુ કારપેટ એરિયા લગભગ ૩૬૪.૯૧ ચો.ફુટ એટલે ૩૩.૯૧ ચો.મી,ના વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન નો બિનખેનીલાયક જમીન, રે.સ નં. ૬૫/૩, બ્લોક નં.૭૯/૨, જેનો એરિયા ૦-૨૭-૩૦.૧૦ ચો.મી એટલે ૨૭૩૦.૧૦ ચો.મી, જેનો ટી.પી સ્કીમ નં.૭૦ (છાપરાભાઠા- ઉત્રાણ), ફાઈનલ પ્લોટ નં.૩૫, જેમાંથી સબ -પ્લોટ નં.૨, જેનો ફાઈનલ પ્લોટ એરિયા ૨૬૮૬.૪૩ ચો.મી, મોજે-છાપરાભાઠા, તા.ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે.

,૧. હું નીચે સહી કરનાર સહાયક જનરલ મેનેજરને બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા અધિકૃત અધિકારી તરીકે ઠરાવ દ્વારા સૂચના/અધિકૃત કરવામાં આવી છે કે તેઓ નાણાકીય સંપત્તિના સિક્યોરિટી રિકન્સ્ટ્રક્શન અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ આ નોટિસ જારી કરે અને બેંકના ડિફોલ્ટર દેવાદારોને વ્યાજ (દંડ સહિત) સાથે બાકી રકમની ચુકવણી ૬૦ દિવસની અંદર કરવા સૂચના આપે અને જો ડિફોલ્ટર દેવાદારો આમ કરવામાં નિષ્ફળ જાય તો ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) હેઠળ કાર્યવાહી કરવા માટે અધિકારીઓને સત્તા સોંપવામાં આવ્યા છે.૨. તમે નં. ૧ ઉપરોક્ત લોનના ઉધાર લેનારા છો અને તમે નં. ૨, ૩ અને ૪ ઉધાર લેનારાઓ માટે જામીનદાર છો. **2.** ઉપરોક્ત નાણાં સામે નીચે દર્શાવેલ મિલકત બેંકના નામે સુરક્ષા તરીકે ગીરવે મુકવામાં આવી છે, જેની વિગતો શિડ્યુલ - 2 માં ઉલ્લેખિત છે. આમ, અમારી બેંક સુરક્ષિત લેણદાર છે અને ઉપરોક્ત મિલકત પર વિશિષ્ટ પ્રથમ ચાર્જ છે.**3.** તમે નં. 2, 3 અને 4 શિડ્યુલ - 1 માં ઉલ્લેખિત ઉધાર લેનાર દ્વારા મેળવેલ મંજૂર લોન માટે ગેરંટર્સ છો અને તમે નં. 2, 3 અને 4 એ બેંકના નામે ગેરંટી ડીડ ઓફ ગેરંટી કરી છે તેથી તમે લેજર બાકી વ્યાજ, દંડ ચાર્જ અને અન્ય ખર્ચાઓની રકમ બેંક સાથે સંપૂર્ણપણે ચૂકવવામાં ન આવે ત્યાં સુધી ચુકવણી માટે સંયુક્ત અને અલગ રીતે જવાબદાર છો.**4.** બેંક રેકોર્ડ પરથી સ્પષ્ટ છે કે અમારી ઘણી વિનંતીઓ અને યાદ અપાવવા છતાં અને વ્યક્તિગત રીતે પણ તમે લોન અને વ્યાજની રકમ ચૂકવી રહ્યા નથી. તમને આપવામાં આવેલા ધિરાણ માટેની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને હપ્તા અને વ્યાજની અનિયમિત ચુકવણીને કારણે તમારું ખાતું અનિયમિત થઇ ગયું છે અને તા. 30.04.2026 ના રોજ NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.**5.** બેંકે તારીખ 30.06.2026 સુધી તમારા ખાતામાં વ્યાજ અને દંડ ચાર્જની ગણતરી કરી છે અને આ નોટિસ તા. 01.07.2026 થી બાકી રહેલા કુલ બાકી વ્યાજ અને દંડ ચાર્જ અને તેના પરના કુલ ખર્ચની વસૂલાત માટે જારી કરવામાં આવી છે.**6.** હપ્તા અને વ્યાજની અનિયમિત ચુકવણીને કારણે તમારા ખાતાને ભારતીય રિઝર્વ બેંકના નિયમો અને નિયમો અનુસાર નોન-પર્ફોર્મિંગ એસેટ (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.**7.** વર્ષ 2002 થી અમલમાં મુકાયેલા ઉપરોક્ત કાયદા અનુસાર તમને આ નોટિસ આપવામાં આવે છે. તમારે આજથી 60 દિવસની અંદર વ્યાજ સાથે શિડ્યુલ -1 માં ઉલ્લેખિત બાકી રકમની ચુકવણી કરવાની રહેશે. જો તમે તેમાં નિષ્ફળ થશો તો, શિડ્યુલ -2 માં ઉલ્લેખિત/વિગતવાર સુરક્ષા તરીકે આપવામાં આવેલી તમારી મિલકત, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13(4) હેઠળ કબજે કરવામાં આવશે અને અન્ય કલમોના અધિકારો અનુસાર અને આ કાયદાના નિયમો અનુસાર, મિલકત વેચવામાં આવશે અને બાકી રકમ વેચાણ, સોંપણી અથવા લીઝ કરાર કરીને અને/અથવા ટ્રાન્સફર કરીને અથવા વેચાણ હરાજી દ્વારા અથવા તેને વેચવા માટે અન્ય કોઇપણ રીતે વસૂલ કરવામાં આવશે. તે રકમ બેંકના બાકી લેણાં સામે ગોઠવવામાં આવશે.**8.** કૃપા કરીને નોંધ લો કે આ અંતિમ કાર્યવાહી નથી અને તેથી, ઉપરોક્ત ઉલ્લેખિત વસૂલાત પછી પણ જો કોઇ રકમ વસૂલાતપાત્ર હોય તો બેંક તમારા બધા સામે સિવિલ/ફોજદારી કાયદા હેઠળ બેંકને બાકી રકમ વસૂલવા માટે અન્ય પગલાં લેવા માટે અધિકૃત છે જેની કૃપા કરીને નોંધ લો.**9.** કૃપા કરીને નોંધ લો કે, આ નોટિસ દ્વારા વસૂલાતની આ કાર્યવાહી બેંક દ્વારા કોઇપણ કોર્ટ અથવા આર્બિટ્રલ ટ્રિબ્યુનલમાં તમારી રકમની વસૂલાત માટે કરવામાં આવેલી કોઇપણ કાર્યવાહીના બદલે કરવામાં આવી નથી, પરંતુ આ કાયદા હેઠળ બાકી રકમની વસૂલાત માટે બેંકના આગળના પગલાંનો અધિકાર અનામત રાખીને, આ માંગણી કરેલ નોટિસ જારી કરવામાં આવે છે જેની કૃપા કરીને નોંધ લો.**10.** આ સૂચનાના સમયગાળા દરમિયાન તમને નીચેની હકીકતો ધ્યાનમાં લેવાની અને તેનું કડક પાલન કરવાની સૂચના આપવામાં આવે છે.(a) આ સૂચનાના અમલીકરણ દરમિયાન, જો આ મિલકતમાંથી કોઇ રકમ પ્રાપ્ત થાય છે, તો તે તમારા ખાતામાં જમા કરાવવી ફરજિયાત છે.(b) સૂચનાના અમલીકરણ દરમિયાન, તમે કોઇપણ પ્રકારની સુરક્ષા તરીકે આપવામાં આવેલી મિલકત પર કોઇ બોજો બનાવશો નહીં/ઉભો કરશો નહીં અને જો આવું કોઇ કૃત્ય કરવામાં આવશે, તો તેને વેચવામાં આવશે નહીં બેંક તમારી સામે નાગરિક/ફોજદારી કાયદા હેઠળ કડક પગલાં લેશે જે બેંક દ્વારા યોગ્ય ગણાય. (c) સૂચનાના સમયગાળા દરમિયાન, જો તમે બેંકના વ્યાજ સહિત તમારા બાકી રહેલા તમામ બાકી લેણાંની ચુકવણી કરો છો, તો બેંક તેના વિવેકબુદ્ધિથી આ સૂચનાને રદ જાહેર કરવા માટે અધિકૃત હોઇ શકે છે.**11.** ઉધાર લેનારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઇમુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે . **૧૨.** તમે બેંકને પૈસા ચૂકવવાની તૈયારી બતાવી હશે અથવા સમાધાન માટે અરજી આપી હશે જે બેંક દ્વારા સ્વીકારવામાં આવી ન હોય અથવા, તેણે સંપૂર્ણ અથવા આંશિક રીતે સ્વીકારી હોય, પરંતુ તમે બેંકના નિયમો અને શરતોનું પાલન ન કર્યું હોય, તો આવી કોઇપણ અરજી દ્વારા, આ સૂચનાનો અમલ પ્રતિબંધિત નથી જેની કૃપા કરીને નોંધ લો. **૧૩.** આ સૂચના સ્વીકાર્યા પછી બેંકને જાણ કરવા વિનંતી છે.

તારીખ : ૧૬.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત

(કલ્પેશ આર. પટેલ) (અધિકૃત અધિકારી અખંડ આનંદ કો.ઓ. બેંક લી.